
જયારથી
મેં અઘડવાનું
ટાળ્યું...

હલ્લો ફ્રેન્ડસ, મારું નામ છે રોની,
આજે હું તમને કહેવાનો છું મારી સ્ટોરી



હું પહેલા એવો હતો કે હંમેશા બધા સાથે ઝઘડતો,
અને કોઈ વઢે ત્યારે મારી જાતનો બચાવ કરતો



નાની નાની વાતોમાં હું મમ્મી સાથે દલીલો કરતો,
નાની નાની બાબતો માટે ભાઈને મારી પણ દેતો



લોકો પણ કહેતા, ‘‘અમે તારાથી કંટાળી ગયા છીએ.’’
પણ ફ્રેન્ડસ, આ બધું હવે ભૂતકાળ બની ગયું છે.



તમને ખબર છે ? મારામાં આ ફેરફાર કોણે લાવ્યો ?
અને કોણે મને મારી ખરાબ આદતોમાંથી છોડાવ્યો ?

મને દાદાજી મળ્યા જેમણે મારો હાથ ઝાલ્યો,
અને ખૂબ પ્રેમથી એમણે મને સમજાવ્યો




hty


રસ્તામાં ચાલતા જો તારી સામે દિવાલ આવે, તો તું એને અથડાય કે બાજુમાંથી જતો રહે ?
કંઈ પણ થાય, હું એને અથડાઉં તો નહી જ ને ! હું જો એને અથડાઉં તો સામુ મને જ વાગવાનું છે ને !

‘‘એ જ રીતે દીકરા, વ્યક્તિઓ પણ દિવાલ જેવા જ છે.
જો તું એમની સાથે અથડામણમાં પડીશ તો તું મૂર્ખ છે....

કારણ કે જીવતી વ્યક્તિઓ બદલો લેશે,
એમને દુઃખ આપીશ તો એની સજા થશે....

જ્યારે આપણે સામાને દુઃખ આપીએ છીએ, ત્યારે બદલામાં આપણે પણ દુઃખી થઈએ જ છીએ....



અથડામણ ટાળવાનો અર્થ સહન કરવું એવો નથી,
પણ દરેક જગ્યાએ એડજેસ્ટમેન્ટ લેવું એવો છે...



એડજેસ્ટમેન્ટ લેવાથી તારી કોમનસેન્સ વધશે,
અને બહુ બધા સારા ફ્રેન્ડસ પણ તને મળશે.’’




ત્યારથી મેં નક્કી કર્યું કે કોઈને દુઃખ નહીં આપું,
તેથી ઝઘડો થવાની જગ્યાએ એનો ઉપાય શોધી કાઢું.



એડજસ્ટમેન્ટ લેવાથી મારી સૂઝ બહુ ખીલતી ગઈ,
આનંદમાં રહેવાથી શક્તિઓ પણ ખૂબ વધતી ગઈ.




તેમ છતાં જો ક્યારેક ઝઘડો થઈ જાય,
તો તરત ભગવાનને યાદ કરી પ્રતિક્રમણ થઈ જાય.



પ્રતિક્રમણ એટલે હૃદયથી સોરી કહી દેવું.
અને આમ બધી ભૂલોમાંથી મુક્ત થઈ જવું.

'અથડામણ ટાળો' ચાવીથી મારું જીવન સ્વર્ગ બની ગયું.
આ માટે દાદાજીને લાખો પ્રણામ – વધુ શું કહું...



# બુક – ૩
# ‘કાર’ટૂન વાર્તાઓ

